સ.મ.મુ.ગાં.(એચબી-૪૫૬)-૧૦,૦૦૦-૧૨-૨૦૨૨

૧. મંત્રીશ્રીનો હોદો અને ગૃહમાં જવાબ માગવાની તારીખ પ્રશ્નમાં જણાવી હશે નહીં તો પ્રશ્ન વિચારણામાં લઇ શકાશે નહિ.

૨. આપના પ્રશ્નો એક જ દિવસ માટે એક કરતાં વધારે હોય તો *અગ્રતા સામે ક્રમ દર્શાવવો.

# તારાંકિત પ્રશ્ન

અગ્રતા: ૨

શ્રી : દિનેશભાઈ ઠાકોર

મતદાર વિભાગ : ૧૭-ચાણસ્મા

સ્થળ : ગાંધીનગર

તારીખ : ૦૪-૦૧-૨૦૨૪

**પ્રતિ,**
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.

**શ્રીમાન,** અદાણી પાવર લિ. સાથે વીજ ખરીદીના કરારો

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૭૪ અન્વયે હું સુચના આપું છું કે, તારીખ ૩-૨-૨૦૨૪ ના રોજ : ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના માનનીય મંત્રીશ્રીને હું ગૃહમાં પ્રશ્ન પૂછીશ.

29 JAN 2024

આપનો વિશ્વાસુ,
Athakar
**સભ્ય,**
**ગુજરાત વિધાનસભા.**

પ્રશ્ન ક્રમાંક : **15 /4 /** 47

આ જગ્યા ફક્ત કચેરીના ઉપયોગ માટે છે તેથી માનનીય સભ્યશ્રીએ અહીં લખાણ કરવું નહિ.

સાદર,
પ્રશ્ન- 15/4/50 મુજબ નામંજૂર કરવામાં આવે.

A Patel
5/1/24

સે. અ. શ્રી 5/1

* 15/4/50 મુજબ દાખલ

5/1

5/1/24

માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) અદાણી પાવર લિ. સાથે સને ૨૦૦૭માં થયેલા બીડ-૧માં રૂ.૨.૮૯ અને બીડ-૨માં રૂ.૨.૩૫ પ્રતિ યુનિટના દરે વીજ ખરીદીના કરારો ૨૫ વર્ષ માટે થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત કરારો બાદ તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉકત વીજ કંપની પાસેથી કયા દરે કેટલા યુનિટ વીજળી ખરીદવામાં આવી, અને

(૩) ઉકત કરાર બાદ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યુનિટદીઠ વધુ રકમના દરથી વીજળી ખરીદવામાં આવી હોય તો કેટલા દરે કેટલી વીજળી ઉકત માસવાર ખરીદવામાં આવી અને તેના કારણો શા છે ?